# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-01-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – સોમનાથ સ્વાભિમાન પર્વમાં ઉપસ્થિત રહેશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 10થી 12 જાન્યુઆરી રાજ્યના પ્રવાસે આવશે. તેઓ આ રવિવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન કરશે. તેમજ આવતીકાલથી 11 તારીખ સુધી યોજાનારા “સોમનાથ સ્વાભિમાન પર્વ”માં ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રીના કાર્યક્રમ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, શ્રી મોદીના વડપણ હેઠળ શૌર્ય યાત્રા બાદ જંગી જનસભા પણ યોજાશે. પર્વ માટે ચાર જિલ્લામાંથી વિશેષ ટ્રેનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ આવશે.

**----------------------------------------------------------------------------------**

## GDP – વધવાનો અંદાજ

ગયા નાણાકીય વર્ષ દરમિયાન 6.5 ટકાના વિકાસ દરની સરખામણીમાં 2025-26 માં વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન (**GDP)** 7.4 ટકા વધવાનો અંદાજ છે. ચાલુ નાણાકીય વર્ષ માટે **GDP** ના પ્રથમ આગોતરા અંદાજ મુજબ, 2024-25 માટે **GDP** ના 187 લાખ કરોડ રૂપિયાથી વધુના કામચલાઉ અંદાજની સામે, ચાલુ નાણાકીય વર્ષમાં વાસ્તવિક **GDP** 201 લાખ કરોડ રૂપિયાથી વધુના સ્તર સુધી પહોંચવાનો અંદાજ છે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના અનુસાર અંદાજિત વાસ્તવિક વૃદ્ધિમાં સેવા ક્ષેત્રની ઝડપી વૃદ્ધિ મુખ્ય ચાલકબળ હોવાનું જણાયું છે.

**----------------------------------------------------------------------------------**

## કરૂણા અભિયાન

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે તેમજ પક્ષીઓને બચાવવા માટે જનજાગૃતિ લાવવા કરૂણા અભિયાનનું આયોજન વન વિભાગ, વિવિધ એનજીઓ અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી કરવામાં આવ્યું છે. કરૂણા અભિયાન એ ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે.

જિલ્લામાં કરૂણા અભિયાનની તૈયારીઓની સમીક્ષાને પગલે પૂર્વ કચ્છ વન વિભાગના નાયબ વન સંરક્ષક આયુષ વર્માની અધ્યક્ષતામાં ભુજ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કરૂણા અભિયાન દરમિયાન પક્ષીઓને સમયસર સારવાર આપીને જીવ બચાવવાને પ્રાથમિકતા સાથે જ જનજાગૃતિ માટેના વિશેષ પ્રયાસો વન વિભાગ દ્વારા કરવામાં આવશે તેમ તેઓએ જણાવ્યું હતું. પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો ઉપયોગ નાગરિકોને નહીં કરવા શ્રી વર્માએ અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, કરૂણા અભિયાન અંતર્ગત આ વર્ષે ૧૬થી વધારે બર્ડ કલેક્શન સેન્ટર ખોલવામાં આવશે. ઘાયલ પક્ષી વિશે નાગરિકો તરત જ સેન્ટ્રલ હેલ્પલાઈન નંબર ૧૯૨૬ ઉપર સંપર્ક કરી શકશે. આ સિવાય તાલુકાવાઈઝ હેલ્પલાઈન સેન્ટરને એક્ટિવ કરવામાં આવશે. જેની વિગતો નાગરિકો ૮૩૨૦૦૦૨૦૦૦ ઉપર કોલ કરીને મેળવી શકશે. વનવિભાગ, વેટરનરી ડોક્ટર્સ, એનજીઓ અને સેવાભાવી સંસ્થાઓ સાથે મળીને ૫૦૦થી વધારે લોકોની ટીમ કરૂણા અભિયાન અંતર્ગત પક્ષીઓનો જીવ બચાવશે..

---

## જી રામજી અધિનિયમ અને જિલ્લા ભાજપની બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સંસદના બન્ને ગૃહમાં મંજૂર કરાયેલા `વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) : વી.બી.જી. રામજી અધિનિયમ, 2025' દ્વારા દેશના ગ્રામીણ વિસ્તારોનો ઢાંચો મજબૂત બનશે અને ગ્રામીણ અર્થ વ્યવસ્થા મજબૂત બનવાથી ગ્રામ્યજીવન સમૃદ્ધ બનશે તેવું ભાજપ કાર્યાલય `કમલમ' ખાતે બોલાવાયેલી પત્રકાર

પરિષદને સંબોધતા જણાવાયું હતું. કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, આ અધિનિયમ ગ્રામીણ વિસ્તારોના વિકાસની દૃષ્ટિએ એક ક્રાંતિકારી પગલું છે, જે વિકસિત ભારતનાં નિર્માણમાં વિકસિત ગામડાંની એક નવી રૂપરેખા રજૂ કરશે. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, આ અધિનિયમમાં અનેક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે, જેમાં અત્યાર સુધી મનરેગા હેઠળ 100 દિવસનું કામ મળતું હતું, પરંતુ આ નવા અધિનિયમથી હવે 125 દિવસના રોજગારની ગેરંટી મળશે.

---------------------------------------------------------------------------------------------

## નખત્રાણા નગરપાલિકાની ચૂંટણી – બેઠકોનું રોટેશન જારી

નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ આગામી સમયમાં પ્રથમ ચૂંટણી યોજાનાર છે ત્યારે નખત્રાણા નગરપાલિકાની ચૂંટણી અનુસંધાને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ અંતર્ગત સાત વોર્ડની 28 બેઠક માટેનું સીમાંકન જાહેર કરાયું છે. જે મુજબ 28માંથી 50 ટકા બેઠક મહિલા માટે અનામત રખાઈ છે. વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી 25,668 છે, જેમાં સરેરાશ 3,637ની વસ્તીદીઠ એક વોર્ડની ક્ષમતાથી 7 વોર્ડ અને 28 બેઠકના સીમાંકન નક્કી કરાયા છે.

---------------------------------------------------------------------------------------------

## ભરતી મેળો

**જિલ્લા રોજગાર કચેરી દ્વારા જિલ્લામથક ભુજની લાલન કોલેજમાં કલસ્ટર કક્ષાનો ભરતી મેળો યોજાયો હતો. આ ભરતી મેળામાં 38 જેટલી અલગ અલગ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે 924 જેટલા યુવાનોએ નોંધણી કરાવી હતી. જેમાંથી 618 યુવકોને નોકરી મળી હતી.**

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતની 19 વર્ષની નીચેની વયના યુવા ખેલાડીઓની ટીમે દક્ષિણ આફ્રિકાની યુવા ટીમને ત્રીજી વન ડે મેચમાં 233 રને હરાવી ત્રણે વન ડે મેચ જીતી લીધી છે. દક્ષિણ આફ્રિકામાં રમાયેલ મેચમાં ભારતની યુવા ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 7 વિકેટના ભોગે 394 રન કર્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 160 રનમાં આઉટ થઈ ગઈ હતી.

------------------------------------------------------------------------------------